રામોલ ગેંગરેપઃ ફરાર આરોપીની ધરપકડ માટે એનએસયુઆઈ લખશે રાષ્ટ્રપતિને પત્ર

અમદાવાદ, જિલ્લામાં રામોલ વિસ્તારમાં યુનિવર્સિટીની પરીક્ષામાં એટીકેટી સોલ્વ કરવાની લાલચ આપીને ચાર નરાધમોએ એક યુવતિ પર સામુહીક દુષ્કર્મ ગુજાર્યો હતો. જેમાં સામુહીક દુષ્કર્મના ૬ માસ બાદ યુવતીનું મોત થતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. જેમાં પોલીસે મૃત બાળકનું તથા સામુહીક દુષ્કર્મ કરનારા આરોપીઓના ડીએનએ ટેસ્ટ કર્યા હતા. જે ડીએનએ ટેસ્ટમાં આરોપી અંકિત પારેખનો ટેસ્ટ પોઝીટવ આવ્યો હોવાનું સામે આવ્યું હતું, પરંતુ ફરાર આરોપી હજુ પણ પોલિસ પકડથી દુર છે. જેને લઈને આ ફરાર આરોપીને પકડવા NSUI રાષ્ટ્રપતિને પત્ર લખશે.

રામોલ સામુહીક દુષ્કર્મ ઘટનાને વધુ સમય વીત્યા છતાં પણ મુખ્ય આરોપી પોલીસ પકડથી બહાર છે. જેને લઈને પોલીસ દ્વારા અલગ અલગ ટીમ બનાવીને આરોપીની શોધખોળ કરી રહી છે. તેમ છતાં પણ પોલીસને સફળતા મળી નથી. જેને લઈને NSUI દ્વારા પોલીસ પર આક્ષેપ કરવામાં આવ્યા છે કે, આરોપીને બચાવવા માટે પોલીસ ધીમીગતીથી કામ કરી રહી છે. જ્યારે હજુ એક આરોપી કેમ નથી પકડ્યો તે બાબતે પણ સવાલો કરી રહ્યા છે. જ્યારે હજુ એક આરોપી પોલીસની પકડથી દુર હોવાને કારણે NSUI આવતીકાલે વિધાર્થી કાર્યકર્તા સાથે રહી રાષ્ટ્રપતિને રામોલ સામુહીક દુષ્કર્મ મામલે પત્ર લખીને ફરિયાદ કરશે. સોમવારે બપોરે ૧૨ કલાકે રામોલ સામુહીક દુષ્કર્મ મામલે યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા ગુજરાત યુનિવર્સિટી સુભાષચંદ્ર બોઝ ગેટ પાસે રાષ્ટ્રપતિને પોસ્ટકાર્ડ લખી ઘટનાની તપાસ CBIને સોંપવાની માગ કરશે. સાથે આ ઘટનાની તપાસ દબાવવા અને ધીમીગતીએ તપાસ કરતા અધિકારીઓ સામે તપાસ અને બળાત્કારીઓને ફાંસી આપવાની લેખિત માગ રાષ્ટ્રપતિને કરવામાં આવશે.

ભિલોડામાં ચાર દીકરીઓએ પિતાની અર્થીને કાંધ અને અગ્નિદાહ આપ્યો

ભિલોડા, આજે ઘરડા મા-બાપને તરછોડવાની ઘટનાઓ વધી રહી છે ત્યારે તેમને વૃદ્ધાવસ્થા દરમિયાન પૂંછતુ પણ નથી. સમાજના કેટલાક વર્ગોમાં દીકરી કરતા દિકરાઓને વધુ પ્રાધાન્ય અપાય છે તેમ છતાં કેટલાક કિસ્સાઓમાં દિકરાઓ મા-બાપને તરછોડતા વાર નથી કરતી. પણ ભિલોડાના ભવનાથ નજીક અવસાન પામેલા પિતાને ચાર દીકરીઓએ કાંધ આપી સમાજ જીવન માટે પ્રેરણા રૂપ બની છે. અરવલ્લી જિલ્લાના ભિલોડાના નવા ભવનાથ ખાતે રાવલ ભવાનીશંકરનું ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું હતું. તેમને ચાર દીકરીઓ જ હતી એવામાં પિતાને કાંધ આપવા માટે ચારેય દીકરીઓએ નક્કી કર્યું અને કાંધ આપી સ્મશાન યાત્રામાં જોડાઇ હતી. ભવાનીશંકરને દિકરો ન હોવાથી ચાર દીકરીઓએ દિકરાની ફરજ નિભાવી હતી.

ભ્રષ્ટાચારનો ભોરિંગ છતાં કેશોદ યાર્ડમાં તુવેરનો જથ્થો ખૂલ્લામાં રઝળી રહ્યો છે

કેશોદ, કેશોદમાર્કેટીંગ યાર્ડ ખાતે થોડા સમય પહેલાં તુવેરનાં જથ્થામાં ભેળસેળ મળતાં તેને પુરવઠા વિભાગ દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો. જોકે હાલ આ સીઝ કરાયેલો જથ્થો તંત્ર દ્વારા સાચવવામાં ન આવતા હાલ બગડી રહ્યો છે અને રખડતા પશુઓ માટે થઈને તે એક આશ્રય સ્થાન બની ગયો છે. તંત્રના વાંકે તુવેરનો ૯૦ લાખથી વધુનો સીઝ કરેલો જથ્થો ખુલ્લામાં રઝળી રહ્યો છે. કેશોદ માર્કેટયાર્ડ ખાતે ખેડુતો પાસેથી ખરિદાયેલી ભેળસેળકાંડવાળી ૩૨૪૧ તુવેરની બોરીઓને પુરવઠા વિભાગ દ્વારા સીઝ કરવામાં આવી છે. ત્યારે શરૂઆતના ૩ દિવસ પોલીસ હાજર રહી બાદમાં છેલ્લા ૧૪ દિવસથી આ જથ્થો રેઢીયાળ હાલતમાં પડ્યો છે. જેના ઉપર કુતરા, બિલાડા ધીંગામસ્તી કરી રહ્યા છે ઉપરાંત હાલ કમોસમી વરસાદની શકયતા રહેલી હોય અને જો વરસાદ પડે તો તમામ તુવેરના જથ્થાનો નાશ થાય એમ છે તો આ ૯૦ લાખની તુવેર બગડે તેવી બેદરકારી બદલ જવાબદાર કોણ ? શું સીઝ કરાયેલા જથ્થાને સુરક્ષિત ન રાખી શકાય, શું તેને રઝળવા દેવો જોઇએ ? તેવા સવાલો વચ્ચે સરકારની બેજવાબદારી ભર્યુ વલણ આંખે ઉડીને વળગી રહ્યું છે એટલે જ તો ખેડુત સમિતી દ્વારા આરોપીને છાવરવામાં આવી રહ્યા છે તેવા આક્ષેપો થઇ રહ્યા છે. કેશોદ તુવેરકાંડમાં ભેળસેળ અને ગેરરીતિ અંગેની સાત વ્યકિતઓ વિરૂધ્ધો ફરિયાદ નોંધાઇ હતી.

જેમાં હાલ બે આરોપી જેલ હવાલે છે. જયારે બાકીનાં પાંચઆરોપી હજુ પણ ફરાર હોય તે પૈકી બાતમીનાં આધારે પોલીસે વધુ એક આરોપી જયેશ લખમણ ભારથીની તેના ઘરેથી ધરપકડ કરી હતી. જેને પોતે મુકાદમ તરીકે કામ કરતો હોવાનું અને ૨૩ હજાર મળ્યાનું કબુલ્યું હતું. જયારે તેણે મુકેલા આગોતરા જામીન કેશોદ સેશન્સ કોર્ટે નામંજુર કર્યા હતાં.

અમૂલે પશુદાણની ૭૦ કિલોની બોરી પર ૧૧૫નો વધારો કર્યો

આણંદ, અમુલ ડેરી દ્વારા દૂધના ખરીદીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અમુલ ડેરી દ્વારા ભેંસના દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટે ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. જ્યારે ગાયના દૂધમાંમ કિલો ફેટે ૪ રૂપિયા ૫૦ પૈસાનો વધારો કરાયો છે. અમુલ ડેરી દ્વારા ભાવ વધારો કરવામાં આવતા હવે ભેંસના દૂધનો ભાવ વધીને ૬૪૦ રૂપિયા અને ગાયના દૂધનો ભાવ વધીને ૨૯૦.૯૦ રૂપિયા થયો છે. પશુપાલકો માટે માઠા સમાચાર છે. અમુલ દ્વારા પશુદાણના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. અમુલ દ્વારા પશુદાણની ૭૦ કિલોની બોરી પર રૂ.૧૧૫નો વધારો કરાયો છે. અગાઉ ૭૦ કિલોની બોરીનો ભાવ ૧ હજાર ૧૧૭ રૂપિયા હતો. હવે ૧૧૫નો વધારો થતા હવે આજથી ભાવ ૧ હજાર ૨૩૨ રૂપિયા થઇ ગયો છે.

આખી દુનિયામાં ગુજરાતનું ગૌરવ વધાર્યુ

૩૨ દેશોના ફોટોગ્રાફર્સની રેસમાં રાજકોટના એશ્કોલ સોનગાંવકરે ગોલ્ડ મેડલ જીત્યો

રાજકોટ, શહેરના ફોટોગ્રાફરે જાપાનમાં પોતાની કલાનો ડંકો વગાડ્યો છે. તાજેતરમાં અસાહી શિમ્બુન- જાપાન દ્વારા ૭૯માં આંતરરાષ્ટ્રીય ફોટગ્રાફી સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં વિશ્વના ૩૨ દેશોમાંથી ૪૨૬૧ જેટલા ફોટોગ્રાફર્સે ભાગ લીધો હતો. જેમાં ભારતના ૧૧૮૫ ફોટોગ્રાફર્સે ભાગ લીધો હતો. જેમાંથી ૭૫ ફોટોસનું સિલેકશન કરી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં રાજકોટના ખ્યાતનામ ફોટોગ્રાફર એશ્કોલ સોનગાંવકરને સુવર્ણચંદ્રક (ગોલ્ડ મેડલ) સાથે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતા.

એશ્કોલે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, હું છેલ્લા ૩૨ વર્ષથી ફોટોગ્રાફી ક્ષેત્ર સાથે સંકળાયેલો છું. ફોટોગ્રાફી મારી આજીવિકાના સાધનની સાથે જ મારૂ પેશન પણ છે. સામાન્ય રીતે ફોટોગ્રાફરો ફોટો ક્લિક કરી પછી તેના વિશે વિચારતા હોય છે. પરંતુ હું પ્રથમ કોઈપણ વસ્તુ વિશે વિચાર્યા બાદ જ તે પ્રમાણેનો ફોટો ક્લિક કરૂ છું. આ સ્પર્ધામાં મોકલેલા ફોટા વિશે જણાવતા તેમણે કહ્યું હતું કે, કોઈપણ મનુષ્ય કે પ્રાણીને પ્રેમનો પ્રથમ અનુભવ માતાના સ્તનથી મળતો હોય છે. આ વિચારને ધ્યાનમાં રાખીને મેં આ ફોટો કચ્છ ખાતે ક્લિક કર્યો હતો. જેને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે.

સુરતમાં ગેરકાયદેસર નળ કનેક્શન કપાયા, ૨૨૫ને નોટિસ ૧ લાખ દંડ વસુલાયો

સુરત, સુરત મહાનગર પાલિકાએ પાણીનો બગાડ કરનારા સામે લાલ આંખ કરી છે. અને તેમનાં વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે છેલ્લા પાંચ દિવસમાં ૧૦૪ મિલ્કતદારોના નળ જોડાણો બંધ કરાવાય છે. સાત ઝોનમાં સ્કોડ બનાવી પાણી નો બગાડ કરનારા સામે કડક કાર્યવાહી ચાલુ કરી છે . ઉપરાંત પાણીનો બગાડ કરનારા પાસેથી એક લાખ જેટલો દંડ પણ વસુલ કરવામાં આવ્યો છે. ઉનાળા દરમિયાન સુરત મહાનગર પાલિકા દ્વારા પાણી કાપ મુક્યા વગર દરરોજ ૧૩૦૦ એમએલડી પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેથી મહાનગરપાલિકા દ્વારા અગાઉ તમામ શહેરી જનોને પાણીનો કરકસર પુર્વક ઉપયોગ કરવા માટે સુચના આપવામા આવી હતી. પરંતુ અનેક જગ્યાએથી પાણીના બગાડના મેસેજ મળતા આખરે મહાનગર પાલિકા એકશનમાં આવી છે. મહાનગર પાલિકા દ્વારા તમામ ઝોનમાં સ્કવોડ બનાવી તપાસ કરવામાં આવી હતી. છેલ્લા છ દિવસમાં સુરત શહેરમાં પાણીનો બગાડ કરનારાઓને કુલ ૨૫૫ નોટિસ ઈશ્યુ કરી રૂપિયા ૧ લાખ જેટલો દંડ વસુલવામાં આવ્યો છે. ઉપરાતં ૧૦૪ જેટલા મિલકતદારોનું નળ જોડાણ કાપી નાખવામાં આવ્યું છે. સુરત શહેરમાં પાણીની કોઈ સમસ્યા નહિ હોવા છતાં , તકેદારીનાં ભાગ રૂપે પાણીનો બચાવ નહિ કરવામાં આવે તો આવનારા દિવસોમાં પાણીની સમસ્યા ઉભી થવા પામે તેને ધ્યાને રાખી મનપા કમિશનરે લાલ આંખ કરી છે.

યુવદીએ એકદરફી પ્રેમ કરનંરં યુવક તંમે તેંલંમાં નોંધંવી ફરિયંસ

પ્રેમનો ઓવરડોઝ! પૂર્વ પતિની સંબંધ બાંધવા ધમકી, ’કરી લઈશ આપઘાત’

અમદાવાદ, પ્રેમ કરવાની કોઇ સીમા નથી હોતી. અને આવો જ એક કિસ્સો બન્યો છે અમદાવાદના સોલા વિસ્તારમાં. જ્યાં પહેલા પ્રેમ લગ્ન કર્યા બાદ પત્નીએ ડિવોર્સ આપીને અન્ય યુવક સાથે સગાઇ કરી લીધી. અને આ વાતની જાણ થતાં પૂર્વ પ્રેમીએ રસ્તામાં જ પૂર્વ પત્નીને સંબંધ રાખવ દબાણ કર્યું અને સંબંધ નહિ રાખે તો તે આપઘાત કરી લેશે તેવી ચિમકી ઉચ્ચારી. આખરે કંટાળીને યુવતીએ સોલા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષની યુવતી રસોઇ કરવાનું કામ કરે છે. નવેક વર્ષ પહેલા આ યુવતી રાકેશ નામના યુવકના પ્રેમમાં પડી હતી. બાદમાં ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૬માં પરિવારની જાણ બહાર રાકેશ સાથે યુવતીએ પ્રેમલગ્ન કરી લીધા હતા. પણ લગ્ન બાદ રાકેશ સારી રીતે ન રાખતા યુવતીએ નોટરી રૂબરૂ છુટાછેડા લઇ લીધા હતા. આ સમયમાં બંને પ્રેમી પંખીડાઓ અંગત પળોના ફોટો પણ પાડ્યા હતા. તા.૨જી મે, ૨૦૧૯ના રોજ આ યુવતીની સગાઇ લાડોલ ખાતે થતાં યુવતીએ રાકેશને સંબંધ રાખવાની ના પાડી દીધી હતી.

તેમ છતાં જયારે આ યુવતી રસોઇ કામ માટે જાય ત્યારે પૂર્વ પતિ રાકેશ તેનો પીછો કરતો હતો અને સંબંધ રાખવા મજબૂર કરતો હતો. આખરે કંટાળીને યુવતીએ સંબંધ રાખવાની ના પાડી દેતા રાકેશએ ફોન પર ધમકી આપી કે તે અંગત પળોના ફોટો યુવતીના નવા મંગેતરને બતાવી દેશે. અને તેમ છતાં પણ તેણી સંબંધ નહિ રાખે તો તે આપઘાત કરી લેશે. આ ઘટનાથી ગભરાઇ જઇ યુવતીએ પરિવારને જાણ ન કરી. પણ આખરે સોલા પોલીસને જાણ કરતા સોલા પોલીસે યુવતીના પૂર્વ પતિ સામે ફરિયાદ નોંધી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભાવનગરમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં આગ લાગતા તમામ દસ્તાવેજો બળીને ખાખ

ભાવનગર, આજે સવારે અગમ્ય કારણોસર બહુમાળી ભવનમાં બીજા માળે આવેલી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં આગ લાગતા દોડધામ મચી ગઇ હતી. આ આગના કારણે મહત્વના દસ્તાવેજો બળીને ખાખ થઇ ગયા હતા. જોકે ફાયર બ્રિગેડના કાફલાએ તાત્કાલીક ઘટનાસ્થળે જઈને આગને કાબૂમાં લીધી હતી. આગના કારણે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના જી-સ્વાન રૂમ તથા જી-સ્વાન રૂમમાં મુકવામાં આવેલા મહત્વના દસ્તાવેજો બળીને ખાખ થઇ ગયા હોવાનું સ્થાનિક સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું ફાયર બ્રિગેડના સૂત્રોએ પ્રાથમિક માહિતી આપતા જણાવ્યું છે. મહત્વનું છે કે ભાવનગરમાં આવેલી ખાનગી શાળાઓની મનમાની ચરમસીમાએ છે. હાલ આરટી અંતર્ગત ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કામગીરીને લઇને ગરીબ વિદ્યાર્થીનો વાલી વર્ગ અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી તથા મનમાની કરતી શાળાઓ આમનેસામને આવી ગઈ છે. હાલ આ મુદ્દે કાનૂની વિવાદ પણ વકર્યો છે ત્યારે ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ ખાનગી શાળાઓ સામે લાલ આંખ કરવાને બદલે હાલ તુરંત મૌન સેવ્યું છે. તેવામાં એકાએક લાગેલી આ આગ અને આગમાં બળીને ખાખ થઈ ગયેલા મહત્વના દસ્તાવેજોએ અનેક શંકા-કુશંકા અને ચર્ચાઓને બળ આપ્યું છે.

મામાએ સાગરીતો સાથે મળી ભાણિયાના અપહરણનો પ્રયાસ કર્યો

અમદાવાદ, બાપુનગર વિસ્તારમાં મામાએ ભાણિયાનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. મામા અને તેના સાથીઓએ યુવકને જબરજસ્તી કારમાં બેસાડી અપહરણનો પ્રયાસ કર્યો હતો જો કે આસપાસના લોકો ભેગા થઈ જતા અપહરણકર્તાઓ ફરાર થઈ ગયા હતા. શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બાપુનગર પટેલ વાડીમાં રહેતો અને ફર્નિચર પાર્ટ્સનો વેપાર કરતો અભિષેક સોલંકી તેના પિતા સાથે રહે છે. તેની માતા સુરત ખાતે રહે છે. ગઈકાલે સાંજે બાપુનગરમાં ફિટનેસ જીમમાં અભિષેક હાજર હતો.

ત્યારે રાજસ્થાનમાં રહેતાં તેના મામા સંજય ગેહલોતે ફોન કરી તેને નીચે બોલાવ્યો હતો. તેના મામાએ મારે વાત કરવી છે ચાલ મારા જોડે કહ્યું હતું. અભિષેકે જે વાત કરવી હોય અહીંયા કરો હું નહિ.

ભાજપ નેતાને પાણી ચોરી કેસમાં ધરપકડ બાદ તુરંત જામીન મળી ગયા

ભરૂચ, ભરૂચમાં પાણી ચોરી મામલે BJPના નેતાની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ ધરપકડ બાદ તરત જામીન પર છૂટકારો મળી ગયો હતો. ભાજપના જિલ્લા પંચાયતના સભ્ય પરેશ પટેલના તળાવમાં કેનાલમાંથી લાખો લીટર પાણી લેવામાં આવ્યું હતુ. જેના કારણે ભાજપના પરેશ પટેલ પર આચારસંહિતાની કલમ ૪૮૦ હેઠળ નહેરમાંથી પાણી ચોરીના આરોપસર તેમની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ ધરપકડના થોડાક જ સમયમાં તેમના જામીન થઇ ગયા હતા.

પરેશ પટેલે સમગ્ર ઘટના મામલે જણાવ્યું હતું કે, મેં પાણી મેળવા માટે સિંચાઈ વિભાગને અરજી કરી હતી. પરંતુ સિંચાઈ વિભાગ તરફથી કોઇ જવાબ ના મળતા અમે પાણી કેનાલમાંથી પોતાના તળાવમાં ભર્યું હતું. જેના કારણે આ આખો મામલો વિવાદિત બન્યો હતો.

ભરૂચમાં પાણી ચોરીની માહિતી મળતા સિંચાઇ વિભાગના અધિકારીઓ તાબડતોડ રીતે અધિકારીઓ પહોંચ્યા હતા, પરંતુ તે જગ્યા અધિકારીઓને કંઇ મળ્યું નહોતું.

કાફે કોફી ડે સંપૂર્ણ રીતે તાજગીપૂર્ણ ક્ષણ આધારિત પીણા સાથે ઉનાળાનું સ્વાગત કરે છે

અમદાવાદઃ ઉનાળુ હાલમાં ચાલીરહ્યો છે અને ગરમી, તડકાવાળા વાતાવરણ સામે ઠંડા અને ફ્રોસ્ટી સિપ્સની તાજગીભરી રેન્જ સાથે તૈયારી કરવાનો સમય છે. ફળો સંપૂર્ણ રીતે ઉનાળાના કૂલર છે અને ફળ આધારિત પીણાઓ ઉનાળાને નાથવાના અનેક શ્રેષ્ઠ માર્ગોમાંનો એક છે. કાફે કોફી તમને આ ઉનાળામાં તાજગીપૂર્ણ રાખવા માટે સજ્જ છે અને પોતાના નવું ‘ફ્રુટીલિસીયસ ફિયેસ્ટા’ મેનૂ લોન્ચ કર્યું છે—જે ચિલ્ડ, સ્વાદિષ્ટ અને પીણાઓની ફ્રૂટી રેન્જ છે.

નવી ફ્રુટીલિશિયસ ફિયેસ્ટાનું ખાસ કરીને દરેક સમયના લોકપ્રિય તેમજ વિશિષ્ટ ફળોના મિશ્રણનો ઉપયોગ કરીને, ક્રીમવાળા દૂધ, કોફી અથવા આઇસ બેઝમાં મિશ્રિત કરવામાં આવ્યા છે. અત્યંત લોકપ્રિય ‘ફ્રેપી’ ઓફરિંગને વધુ વિસ્તૃત બનાવવામાં આવી છે જેથી બે નવા વેરિયાંટ સાથે અનુકૂળ બનાવી શકાય. અત્યંત સાનુકૂળ ફળ પસંદ કરવાની વાત આવે ત્યારે ફળોના રાજા — આલ્ફોન્સો કેરી સિવાય અન્ય કંઇ જ શ્રેષ્ઠ ન હોઇ શકે! ભારતનો આલ્ફોન્સો કેરી માટેનો પ્રેમ અનંત છે અને હવે કાફે કોફી ડે જ્યુસી તાજગી લાવી રહ્યું છે અને આ ‘આલ્ફોન્સો સ્મૂથી’ સાથે પોતાના ગ્રાહકોને પોતાના મનગતમા ફળનો આસ્વાદ કરાવશે. આ પીણું હાથથી એકત્ર કરેલ આલ્ફોન્સો કેરી અને દૂધનું સુયોગ્ય મિશ્રણ છે, જેમાં છલોછલ ક્રીમ ભરેલું હોય છે.

જ્યારે નવીનીકરણ અને નવા ઈનગ્રેડીયન્ટસને પોતાના મેનૂમાં ઉમેરવાની વાત આવે એટલે કાફે કોફી ડેએ ફરી એક વખત પોતાન માર્ગ કંડાર્યો છે.

ફ્રુટીલિશીયસ ફિયેસ્ટા મેનૂ સાથે બ્રાન્ડ ગ્રાકો સમક્ષ યૂઝુનું મેજિક પણ રજૂ કરે છે, જે એન્ટીઓક્સીડન્ટ્સથી સમૃદ્ધ એશિયન શ્રેષ્ઠ ફળ છે. ‘ઝીન્ગી યૂઝૂ સ્લશ’ તમને તાજગીભર્યા મિશ્રણ સાથે યૂઝૂની શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. જેમાં દાડમ બોબા પર્લનો શ્રેષ્ઠ ફ્રુટી ફ્લોરિશન માટે છંટકાવ કરવામાં આવે છે જે તેને મોટા પાયે ભારતીય ઉપભોક્તાઓ માટે રજૂ કરવામાં આવેલ સૌપ્રથમ પીણુ છે. સ્વાદિષ્ટ અને તાજગી પણ આપતું હોય તેવી શોધ કરતા ઉપભોક્તાઓ માટે આ એક સંપૂર્ણ પીણુ છે. (૨૨-૧)

સાત વર્ષથી બોગસ બિલ બનાવી કૌભાંડ કરનાર વેપારી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

રાજકોટ, રાજકોટમાં રૂા.૭.૪૭ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડનો પદાફાશ થતા ચકચાર મચી ગઈ છે. શહેરના ટાગોર માર્ગ પર ઓફિસ ખોલી છેલ્લા સાત વર્ષથી બોગસ બિલ બનાવી કૌભાંડ કરનાર વેપારી સામે નોંધાવેલી ફરિયાદના આધારે ગુનો નોંધી એ-ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગોંડલ રોડ પર આવેલ વિજય પ્લોટમાં રહેતો.

સ્કેફલર ઈન્ડિયા દ્વારા સ્પેર પાર્ટ્સ અને રિપેર સોલ્યુશન્સનો વિશાળ રેન્જ ધરાવતો પોર્ટફોલિયો રજૂ

અમદાવાદ, સ્કેફલરના ઓટોમોટિવ આફ્ટરમાર્કેટ ડિવિઝન દ્વારા લુક બ્રાન્ડ અંતર્ગત ટ્રેક્ટર ક્લચીસ માટેના રિપેર સોલ્યુશન્સની વિસ્તરિત રેન્જ રજૂ કરવામાં આવી છે. લુક એ ક્લચ ટેકનોલોજીની અગ્રણી મેન્યુફેક્ચરર છે અને તે ભારત સહિત વિશ્વભરમાં તમામ મોટા ટ્રેક્ટર મેન્યુફેક્ચરર્સ (ઓઈએમ)ને સપ્લાઈ કરે છે. લુક ટ્રેક્ટર પોર્ટફોલિયો ડબલ અને સિંગલ ક્લચીસ, ક્લચ ડિસ્ક્સ, રેપસેટ અને લિવર કિટ પૂરી પાડીને ટ્રેક્ટર માર્કેટ માટે વન સ્ટોપ સોલ્યુશન આપે છે. ટ્રેક્ટર સેગમેન્ટમાં વધતી માગને પહોંચી વળવા માટે લુક દ્વારા ૭૦થી વધુ રેફરન્સીસ છેલ્લા છ મહિનામાં આફ્ટર માર્કેટમાં ઉમેરવામાં આવ્યા છે. રેન્જના વિસ્તરણ સાથે, લુક ક્લચ હવે ભારતમાં ૩૫૦થી વધુ ડિસ્ટ્રિબ્યુશન પોઈન્ટ્સ પર ઉપલબ્ધ છે. (૧૯-૮)

આઈડીબીઆઈ બેંકે ઓડિશા રાજ્યનાં એનાં રિટેલ ગ્રાહકોને રાહત આપી

અમદાવાદ, ચક્રવાણી ફણીથી ગંભીર રીતે અસર પામેલા રાજ્ય ઓડિશા રાજ્યનાં સ્થાનિક લોકો માટે રાહતકાર્ય લંબાવવાની દ્રષ્ટિએ આઈડીબીઆઈ બેંકે એનાં રિટેલ લોનનાં ગ્રાહકો (હોમ લોન, પ્રોપર્ટી સામે લોન, ઓટો લોન, એજ્યુકેશન લો, પર્સનલ લોન) માટે મે, જૂન, જુલાઈ, ૨૦૧૯ એમ કુલ ત્રણ મહિનાનાં ગાળા માટે પ્રી ઈએમઆઈ/ ઈએમઆઈની ચુકવણીમાં વિલંબ/બિન-ચુકવણી સાથે સંબંધિત પેનલ ઈન્ટરેસ્ટ ચાર્જ, ચેક બાઉન્સનાં ચાર્જીસ વગેરે ન લેવાનો નિર્ણય કર્યો છે. આ પહેલ પર આઈડીબીઆઈ બેંકનાં ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જી એમ યાદવાડકરે કહ્યું હતું કે, “અમે ચક્રવાતની નુકસાનકારક અને વિનાશક અસરથી બહુ દુઃખી થયા છીએ. આ કટોકટી દરમિયાન અમે ઓડિશાનાં લોકો સાથે છીએ.” (૧)

અનન્યા પાન્ડે યુરોપિયન ડેનિમ બ્રાન્ડ ઓન્લીનો નવો ચહેરા બની

અમદાવાદ, યુરોપિયન ડેનિમ બ્રાન્ડ ઓનલીએ દેશના સૌથી નવીન હાર્ટ થ્રોબ (દિલોની ધડકન) અનન્યા પાન્ડેને ભારતમાં તેની બ્રાન્ડ એમ્બેસેટર તરીકે સાઈન (કરાર) કરી છે. અનન્યાની ફેશન એસ્થેટિક, કોન્ફીડેન્શ અને કરીશ્મા તેને ઓન્લીના નવીન સ્પ્રિં" સમર ૨૦૧૯ કલેકશન માટે યોગ્ય ચહેરો બનાવે છે. કલેકશન ડેનિમ, આરામ અને સ્ટાઈલને જીંવત બનાવવા વિશે છે. આ કલેકશન યુવા, ક્રિએટિવ અને વિકાસશીલ મિલેનિયલ્સને ફેશન સાથે "યો" કરવા સાથે પોતાના અનોખાપણાને જાળવી રાખવા "રિત કરે છે.

આ ઘો"ાણા કરતા બેસ્ટસેલર ઈન્ડીયાના સીઈઓ અને કન્ટ્રી હેડ વિનિત "ૈતમે કહયું ’અમે ઓન્લી "ર્લ તરીકે અનન્યા પાન્ડે ની પસંદ"ી કરતા ખૂબ રોમાંચિત છીએ. તેની ફેશન સેન્સ, તેનું વ્યકિતત્વ, અભિ"મ, ટ્રેન્ડીનેસ અને ભવ્યતા ઓન્લીની મૂખ્ય વિચારધારા દર્શાવે છે. આમ તે ભારતમાં અમારી બ્રાન્ડનું "તિનિધિત્વ કરવા માટે સંપુર્ણરીતે યોગ્ય છે. અમે તેની સાથે જોડાતા ખૂબ ઉત્સાહિત છીએ અને આ"ામી સમયમાં તેની સાથે કેટલાય આક"ર્ણો રજુ કરવાની યોજના ધરાવીએ છીએ.’

ખૂબ ઉત્સાહી સ્ટુડન્ટ ઓફ ધ યર અનન્યા પાન્ડે જણાવ્યું ’હું સંપૂર્ણ ઓન્લી "ર્લ છું અને આ ભા"ીદારી માટે ખૂબ રોમાંચિત છું. ઉધો"માં શરૂઆત કરતાની સાથે મારા વ્યકિતત્વને "તિબિંબત કરતી ગ્લોબલ બ્રાન્ડ સાથે જોડાતા મારૂ સ્વપ્ન સાકાર થયું છે.’ (૧૩-૫)

COMFORT INTECH LIMITED

CIN: L74110DD1994PLC001678
Regd Off.: 106, Avkar Algani Nagar, Kalaria, Daman DD 396210.
Corp Off.: A-301, Hetal Arch S.V.Road, Malad (West), Mumbai 400064.
Phone No.: 022-2844-9765/66/67, Fax: 022-2889-2527,
Email: info@comfortintech.com; Website: www.comfortintech.com

NOTICE OF BOARD MEETING

Notice is hereby given pursuant to Regulation 29 and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that a meeting of Board of Directors of **COMFORT INTECH LIMITED** will be held on Monday, May 20, 2019 at the Corporate Office of the Company situated at A-301, Hetal Arch, S.V.Road, Malad (West), Mumbai-400064 inter alia, to consider and approve the Audited Standalone and Consolidated Financial Results of the Company for the quarter and Financial Year ended on March 31, 2019 under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and to consider any other business with the permission of Chair.

For Comfort Intech Limited
Sd/-
Anil Agrawal
Managing Director
DIN: 00014413

Place : Mumbai
Date : May 13, 2019

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.
બ્રાન્ચ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લિ. ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૬૦૪.

આથી સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારો નું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	પવનસિંઘ ભોપાલસિંઘ/પુનમકંવર પવન સિંઘ- LBGDM00002428930/ LBGDM00002428931	પ્લોટ નં.૨૫૭, રેવેન્યુ સર્વે નં. ૧૨૧, ગામ મેઘાપર, બોરીચી, અંજાર, ગુજરાત, કચ્છ- ૩૭૦૨૦૧/૦૯ મે, ૨૦૧૯.	૩૦, નવેમ્બર, ૨૦૧૮ રૂ. ૧૩,૭૭,૪૦૪.૦૦/-	ગાંધીધામ

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૪ - ૦૫ - ૨૦૧૯
સ્થળ : ગુજરાત

સહી/-
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-